RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 302, Dt.11-3-2025 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# વિશ્વના ટોચના ૨૦ સૌથી પ્રદૂષિત શહેરોમાંથી ૧૩ ભારતના

## સ્વિસ એર ક્વોલિટી ટેકનોલોજી કંપની IQAir દ્વારા પ્રકાશિત વર્લ્ડ એર ક્વોલિટી રિપોર્ટ ૨૦૨૪મા બહાર આવી વિગતો, દિલ્હી વૈશ્વિક સ્તરે સૌથી પ્રદૂષિત રાજધાનીઃભારતમાં વાયુ પ્રદૂષણ એક ગંભીર સ્વાસ્થ્ય ખતરો

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

વિશ્વભરમાં પ્રદૂષણ પર પ્રકાશિત થયેલા તાજેતરના અહેવાલમાં, ભારતની ભાગીદારીમાં કોઈ નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો નથી. વિશ્વના ૨૦ સૌથી પ્રદૂષિત શહેરોમાંથી ૧૩ ભારતમાં છે, જેમાં આસામનું બુર્નીહાટ ટોચ પર છે. સ્વિસ એર ક્વોલિટી ટેકનોલોજી કંપની ઈંચઅશદ્વારા પ્રકાશિત વર્લ્ડ એર ક્વોલિટી રિપોર્ટ ૨૦૨૪ અનુસાર, દિલ્હી વૈશ્વિક સ્તરે સૌથી પ્રદૂષિત રાજધાની શહેર રહ્યું છે, જ્યારે ભારત ૨૦૨૪ માં વિશ્વનો પાંચમો સૌથી પ્રદૂષિત દેશ હતો. જોકે, વર્ષ ૨૦૨૩માં તે ત્રીજા સ્થાને હતું.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ભારતમાં ડ્ઢખ ૨.૫ ની સાંદ્રતા ૨૦૨૪ માં ૭ ટકા ઘટીને સરેરાશ ૫૦.૬ માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટર થવાનો અંદાજ છે, જે ૨૦૨૩ માં ૫૪.૪ માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટર હતો. છતાં, વિશ્વના ૧૦ સૌથી પ્રદૂષિત શહેરોમાંથી છ ભારતમાં છે. દિલ્હીમાં પ્રદૂષણનું સ્તર સતત ઊંચું રહ્યું, વાર્ષિક સરેરાશ ડ્ઢખ ૨.૫ સાંદ્રતા પ્રતિ ઘન મીટર ૯૧.૬ માઈક્રોગ્રામ હતી, જે ૨૦૨૩ માં ૯૨.૭ માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટર સુધી પહોંચી ગઈ.

વિશ્વના ટોચના ૨૦ સૌથી પ્રદૂષિત શહેરોમાં ૧૩ ભારતીય શહેરોનો સમાવેશ થાય છે - બુર્નીહાટ, દિલ્હી, મુલ્લાનપુર (પંજાબ), ફરીદાબાદ, લોની, નવી દિલ્હી, ગુડગાંવ, ગંગાનગર, ગ્રેટર નોઈડા, ભીવાડી, મુઝફ્ફરનગર, હનુમાનગઢ અને નોઈડા.

એકંદરે, ૩૫ ટકા ભારતીય શહેરોમાં વાર્ષિક ડ્ઢખ૨.૫ સ્તર વિશ્વ આરોગ્ય સંસ્થાની ૫ માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટરની મર્યાદા કરતાં ૧૦ ગણા વધુ હોવાનું જાણવા મળ્યું છે. ભારતમાં વાયુ પ્રદૂષણ એક ગંભીર સ્વાસ્થ્ય ખતરો છે, જે અંદાજે ૫.૨ વર્ષ સુધીના આયુષ્યમાં ઘટાડા સાથે જોડાયેલું છે.



ગયા વર્ષે પ્રકાશિત થયેલા લેન્સેટ પ્લેનેટરી હેલ્થ અભ્યાસ મુજબ, ૨૦૦૯ થી ૨૦૧૯ દરમિયાન ભારતમાં દર વર્ષે લગભગ ૧.૫ મિલિયન મળત્યુ ડ્ઢખ ૨.૫ પ્રદૂષણના લાંબા ગાળાના સંપર્ક સાથે સંકળાયેલા હોવાનું સંભવતઃ માનવામાં આવે છે. ડ્ઢખ૨.૫ એ ૨.૫ માઈક્રોન કરતા નાના વાયુ પ્રદૂષણના કણોનો ઉલ્લેખ કરે છે, જે ફેફસાં અને લોહીના પ્રવાહમાં પ્રવેશી શકે છે, જેનાથી શ્વાસ લેવામાં તકલીફ, હૃદય રોગ અને કેન્સર પણ થઈ શકે છે. તેનાસ્ત્રોતોમાં વાહનોના એક્ઝોસ્ટ, ઔદ્યોગિક ઉત્સર્જન અને લાકડા કે પાકના કચરાને બાળવાનો સમાવેશ થાય છે.

વિશ્વ આરોગ્ય સંગઠનના ભૂતપૂર્વ મુખ્ય વૈજ્ઞાનિક અને આરોગ્ય મંત્રાલયના સલાહકાર સૌમ્યા સ્વામીનાથને જણાવ્યું હતું કે ભારતે હવા ગુણવત્તા ડેટા સંગ્રહમાં પ્રગતિ કરી છે પરંતુ પૂરતા પગલાંનો અભાવ છે. અમારી પાસે ડેટા છે, હવે આપણને કાર્યવાહીની જરૂર છે. કેટલાક ઉકેલો સરળ છે, જેમ કે બાયોમાસને કડ્ઢઋ થી બદલવું. ભારતમાં પહેલાથી જ આ માટે એક યોજના છે, પરંતુ આપણે વધારાના સિલિન્ડર પર વધુ સબસિડી આપવી જોઈએ. પહેલું સિલિન્ડર મફત છે, પરંતુ સૌથી ગરીબ પરિવારો, ખાસ કરીને મહિલાઓને વધુ સબસિડી મળવી જોઈએ. આનાથી તેમનું સ્વાસ્થ્ય સુધરશે અને બહારનું વાયુ પ્રદૂષણ ઘટશે, તેમણે કહ્યું.

શહેરોમાં જાહેર પરિવહનનો વિસ્તાર કરવાથી અને કેટલીક કાર પર દંડ લાદવાથી મદદ મળી શકે છે. તેમનું કહેવું છે કે પ્રોત્સાહનો અને સજાઓનું મિશ્રણ જરૂરી છે. છેવટે, ઉત્સર્જન કાયદાઓનું કડક પાલન કરવું મહત્વપૂર્ણ છે. ઉદ્યોગો અને બાંધકામ સ્થળોએ નિયમોનું પાલન કરવું જોઈએ અને શોર્ટકટ લેવાને બદલે ઉત્સર્જન ઘટાડવા માટે સાધનો સ્થાપિત કરવા જોઈએ, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના ભૂતપૂર્વ ડિરેક્ટર જનરલે જણાવ્યું હતું.

# રાજકોટ સહિત ૯ જિલ્લામાં તાપમાનનો પારો આસમાનેઃ રેડ એલર્ટ

## બહાર જતા પહેલાં ચેતજો, મૃત્યુનું જોખમ પણ વધે છેઃ ૧૧થી ૫ સિગ્નલ બંધ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ઉનાળો આરંભે જ અતિ આકરો બની ગયો છે અને બે દિથમાં જ તાપમાન ૧ થી ૭ ડિગ્રી વધી ગયું છે. ગઈકાલે નયલોથ બાદ આજે રાજકોટ, અમદાવાદ સહિત ૯ જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કરાયું છે. દરમ્યાન ગઈકાલે રાજકોટ ઉપરાંત આઠ સ્થળોએ તાપમાન ૪૦ થી ૪૨ ડિગ્રી વચ્ચે નોંધાતા લોકો શેકાયા હતા. ગઈકાલે ભુજ ખાતે ૪૨, રાજકોટમાં ૪૧.૭, સુરતમાં ૪૧.૮, અમરેલીમાં ૪૦, અમદાવાદમાં ૪૦.૪, વડોદરામાં ૪૯.૮, ભાવનગરમાં ૩૯.૨, ડાંગમાં ૪૧.૪, ગાંધીનગરમાં ૪૦.૪, પોરબંદરમાં ૩૯.૨ ડિગ્રી મહતમ તાપમાન નોંધાયુ હતું.

જયારે ઉનાળાના તાપમાનમાં આગમન વચ્ચે વધારા-ઘટાડાનો દૌર ચાલી રહ્યો છે. એક દિવસ તાપમાન વધે છે તો બીજા દિવસ ઘટે છે. મંગળવારે સવારે જામનગરમાં પૂરા થતા ચોવીસ કલાક દરમિયાન મહત્તમ તાપમાનનો પારો સડસડાટ ૩૭.૯ ડીગ્રીએ પહોંચી ગયો હતો.

હોળી પહેલા ગરમીનો પારો ૩૭ ડિગ્રીથી વધતા શહેરીજનો આકરા તાપથી તોબા પોકારી ઉઠ્યા હતાં. માર્ચ માસના બીજા સપ્તાહના પ્રારંભે ઉનાળાએ ગતિ પકડતા બપોરે અંગ દઝાડતા તાપના કારણે લોકોએ કામ વગર ઘરની બહાર જવાનું ટાળ્યું હતું.

આગામી સમયમાં હિટવેવ સાથે કાળજાળ ગરમી પડવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. જામનગરમાં છેલ્લા ચોવીસ કલાક દરમિયાન કોઈ વધારા કે ઘટાડા વગર લઘુતમ તાપમાન ૨૦.૬ ડીગ્રીએ સ્થિર રહ્યું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૧૮ ટકા ઘટીને ૫૫ ટકા રહ્યું હતું.

પવનની ગતિ પ્રતિ કલાકની સરેરાશ ૬.૨ કીમી રહી હતી. બેવડી




ઋતુના કારણે શહેરમાં મચ્છરોનો ત્રાસ વધતા લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં કચ્છ-સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાત સહિતના જિલ્લામાં ગરમીનો પારો હાઈ જતો જોવા મળી રહ્યો છે, ત્યારે આજે (૧૧મી માર્ચે) ૯ જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કર્યુ છે.

આ ઉપરાંત આગામી ૨-૩ દિવસ તાપમાનનો પારો ૪૦-૪૨ ડિગ્રી રહેવાનો અંદાજ છે. જ્યારે છેલ્લા સૌરાષ્ટ્રના રાજકોટ જિલ્લામાં તીવ્ર ગરમી અને સુરેન્દ્રનગર અને કચ્છ જિલ્લામાં છૂટાછવાયા વિસ્તારોમાં ગરમીનું મોજું ફરી વળ્યું હતું.

# શાંતિની વાટાઘાટો વચ્ચે યુક્રેને રશિયા પર ડ્રોન હુમલો કર્યો

**મુખ્ય સમાચાર,રિયાધ**

રશિયા અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ અટકાવવા માટે આજથી ફરી એક વખત અમેરિકા-યુક્રેનની વાતચીત સાઉદી અરેબીયામાં શરુ થઈ રહી છે તે પુર્વે જ યુક્રેને રશિયા પર એક જબરો ડ્રોન હુમલો કર્યો છે અને તેના કારણે મોસ્કોમાં જબરુ નુકસાન થયુ હોવાનો અહેવાલ છે.



મોસ્કોના મેયર સર્ગઈ સોબીયાનીન એ જાહેર કર્યુ કે, મોસ્કો પર દુશ્મનનો ડ્રોન હુમલો થયો છે અને અમે તેનો જવાબ આપ્યો છે. આમ હવે ઝેલેસ્કી પણ રશિયા સામે આક્રમક વલણ અપનાવતા જ શાંતિ વાટાઘાટો કેટલી સફળ થશે તે પ્રશ્ન છે.

અગાઉની યુક્રેન મુદે અમેરિકા સાથેની રશિયાની વાતચીત પુર્વે જ રશિયાએ યુક્રેન પર મોટો હુમલો કર્યો હતો. જયારે આજનો હુમલો એ રશિયા પર યુક્રેનનો સૌથી મોટો હુમલો ગણાય છે અને તેના કારણે વ્યાપક નુકસાન થયુ હોવાની શકયતા દર્શાવાઈ રહી છે. ઝેલેસ્કી વાટાઘાટ માટે સાઉદી અરેબીયા પહોંચી ગયા છે તે સમયે કરાયેલો હુમલો સૂચક છે.

# પાકિસ્તાનના તુર્કમેનીસ્તાન રાજદૂતને અમેરિકામાં પ્રવેશ ન અપાયો

**મુખ્ય સમાચાર,વોશિંગ્ટન**

અમેરિકામાં ટ્રમ્પ શાસનના આગમન બાદ વિઝા સહિતના જે ઈમીગ્રેશન નિયમો કડક બનાવાયા છે તેમાં લોસ એન્જલસ પહોંચેલા પાકિસ્તાનના તુર્કમેનીસ્તાન રાજદૂતને પણ અમેરિકામાં પ્રવેશ આપવાનો ઈન્કાર કરી દેવામાં આવ્યો હતો અને તેમને તાત્કાલીક અમેરિકા છોડવા જણાવી દઈને પાકિસ્તાનનું જબરુ અપમાન કરાયુ હતું.



તુર્કમેનીસ્તાનમાં પાકિસ્તાનના રાજદૂત કે.કે.અહેસાસ વાગન પાસે અમેરિકાના પ્રવેશના અને રોકાણના તમામ માન્ય વિઝા હતા અને તેઓ લોસ એન્જલસની વ્યકિતગત ખાનગી મુલાકાતે પહોંચ્યા હતા પણ તેમને એરપોર્ટ પર જ અટકાવી દેવામાં આવ્યા.

એટલું જ નહી તેમના દસ્તાવેજો માન્ય હોવા છતાં પણ અમેરિકી ઈમીગ્રેશન અધિકારીઓએ તેમને પ્રવેશ આપવાનો ઈન્કાર કરી દીધો હતો અને બીજી એક ફલાઈટમાં પરત ચાલ્યા ગયા હતા. કે.કે.અહેસાન વાગન પાકિસ્તાનની વિદેશી સેવાના એક સીનીયર અધિકારી ગણાય છે અને તેઓ ભૂતકાળમાં લોસ એન્જલસમાં જ પાકિસ્તાનના કોસ્યુલેટમાં ફરજ બજાવી ગયા છે.

હાલ તેઓ તુર્કમેનીસ્તાનમાં રાજદૂત તરીકે ફરજ બજાવે છે. આમ તેમની પાસે અમેરિકા માટેના ૧૦ વર્ષના ડિપ્લોમેટીક વિઝા હતા તેમ છતાં પણ તેમને પ્રવેશનો ઈન્કાર કરી દેવાયો હતો.

# ડિજિટલ પેમેન્ટ કરવાનું હવે મોંઘું થશે

## બેન્કીંગ ઉદ્યોગ દ્વારા સરકારને મોકલાયો પ્રસ્તાવઃ મોટા વેપારીઓ પર વધુ તો નાના વેપારીઓ પર ઓછો કે સાવ ચાર્જ નહી લાગે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશમાં ઝ્‌ઈ અને છીડ્ઢ ડેબિટ કાર્ડનો ઉપયોગ ઝડપથી વધી રહ્યો છે. હાલમાં, આ દ્વારા કરવામાં આવતા વ્યવહારો પર કોઈ ફી લેવામાં આવતી નથી. ખઉછએટલે કે મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ એ ચાર્જ છે જે દુકાનદારો ડિજિટલ પેમેન્ટ પ્રોસેસ કરવા માટે તેમની બેંકોને ચૂકવે છે. હાલમાં સરકારે આ ફી માફ કરી દીધી છે પરંતુ હવે સરકાર તેને ફરીથી લાગુ કરવાની યોજના બનાવી રહી છે.

ઊઝ માં પ્રકાશિત સમાચાર અનુસાર, બેંકિંગ ઉદ્યોગ દ્વારા સરકારને એક પ્રસ્તાવ મોકલવામાં આવ્યો છે. આ પ્રસ્તાવમાં એવું કહેવામાં આવ્યું છે કે જે દુકાનદારોનું વાર્ષિક ટર્નઓવર ૪૦ લાખ રૂપિયાથી વધુ છે તેમના પર ફરીથી ખઉછલાગુ કરવામાં આવે. સરકાર આ દરખાસ્ત પર વિચાર કરી રહી છે. આનો અર્થ એ થયો કે જે નાના દુકાનદારોનું વાર્ષિક વેચાણ ૪૦ લાખ રૂપિયાથી ઓછું છે તેમની પાસેથી કોઈપણ પ્રકારનો ખઉછવસૂલવામાં આવશે નહીં.

આ દરખાસ્ત મુજબ, સરકાર એક સ્તરીય વ્યવસ્થા લાગુ કરી શકે છે. આનો અર્થ એ થયો કે મોટા વેપારીઓએ વધુ ફી ચૂકવવી પડશે અને નાના વેપારીઓએ ઓછી ફી ચૂકવવી પડશે અથવા બિલકુલ ફી ચૂકવવી પડશે નહીં. આનાથી નાના વેપારીઓ પર કોઈ અસર થશે નહીં. પરંતુ દર મહિને લાખો અને કરોડો રૂપિયાની ડિજિટલ ચુકવણી કરનારા મોટા વેપારીઓએ ચાર્જ ચૂકવવો પડશે.

બેંકો અને ચુકવણી કંપનીઓ કહે છે કે જ્યારે મોટા વેપારીઓ પહેલાથી જ વિઝા, માસ્ટરકાર્ડ અને ક્રેડિટ કાર્ડ પર ખઉછ ચૂકવી રહ્યા છે, તો પછી ઝ્‌ઈ અને છીડ્ઢ પર કેમ નહીં? બેંકોના મતે, જ્યારે સરકારે ૨૦૨૨ના બજેટમાં ખઉછ નાબૂદ કર્યો હતો, ત્યારે આ પગલું ભરવાનો હેતુ ડિજિટલ ચુકવણીને પ્રોત્સાહન આપવાનો હતો. પરંતુ હવે ઝ્‌ઈ સૌથી વધુ ઉપયોગમાં લેવાતું ચુકવણી માધ્યમ બની ગયું છે. તેથી, આ સુવિધાનો ખર્ચ ઉઠાવવાને બદલે, સરકાર મોટા વેપારીઓ પાસેથી ફી વસૂલ કરી શકે છે. પેમેન્ટ કંપનીઓ,




જે હવે સરકાર દ્વારા પેમેન્ટ એગ્રીગેટર નિયમો હેઠળ નિયંત્રિત થાય છે, તેઓ કહે છે કે નિયમોનું પાલન કરવાનો ખર્ચ તેમના માટે નોંધપાત્ર રીતે વધી ગયો છે. જો ખઉછપરત કરવામાં નહીં આવે, તો તેમના વ્યવસાયો ટકી શકશે નહીં. તેમને ચુકવણી પ્રક્રિયા, સાયબર સુરક્ષા, ટેકનોલોજી અપગ્રેડ અને ગ્રાહક સેવામાં ભારે રોકાણ કરવું પડશે. કોઈપણ ફી વગર આ બધા ખર્ચાઓ ઉઠાવવા શકય નથી.

# ત્રણ ભાષાની ફોર્મ્યુલાના વિરોધમાં ડીએમકેના સાંસદોએ સંસદ સંકુલમાં કાળા કપડા પહેરીને કર્યું વિરોધ પ્રદર્શન

## ગઈકાલના શિક્ષણમંત્રીના વિધાનોનો વિરોધ : રાજયસભામાં પણ ધમાલ : મુલત્વી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

તામિલનાડુ સહિત દક્ષિણના રાજયોમાં ત્રણ ભાષાની ફોર્મ્યુલા લાગુ કરવાના વિરોધમાં આજે ડીએમકેના સાંસદોએ સંસદની બેઠકના પ્રારંભ પુર્વે જ સંકુલમાં કાળા કપડા પહેરીને વિરોધ પ્રદર્શન કર્યુ હતું. સરકાર દ્વારા દેશમાં હિન્દી, અંગ્રેજી અને એક સ્થાનિક ભાષા એમ ત્રણ ભાષાની ફોર્મ્યુલા લાગુ કરવા નવી શિક્ષણનીતિમાં જાહેરાત કરી છે.

તામિલનાડુમાં તેનો જબરો વિરોધ થયો છે અને ગઈકાલે સંસદમાં પણ આ મુદે ડીએમકેના સાંસદોએ જબરા દેખાવ કર્યા હતા. આજે આ સાંસદોએ સંસદભવન બહાર કાળા કપડા પહેરીને દેખાવો કર્યા હતા.

ખાસ કરીને તેઓ શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના વિધાનોનો વિરોધ કરી રહ્યા છે જેમાં તામિલનાડુ સરકાર પર આરોપો મુકાયા હતા. આજે આ મુદે સંસદમાં ફરી એક વખત ધમાલ થઈ હતી અને રાજયસભાની કાર્યવાહી નવા સીમાંકન સહિતના મુદે પણ મુલત્વી રહી છે.

ગઈકાલે આ મુદે જ સંસદમાં ડીએમકેના સભ્યોએ ભારે ધમાલ મચાવી હતી.તે સમયે શિક્ષણમંત્રીએ એવો આરોપ મુકયો હતો કે ડીએમકે સરકાર તેના વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ શિક્ષણથી વંચિત રાખી રહી છે.



ખાસ કરીને અગાઊ જ સરકારે ત્રિભાષા ફોર્મ્યુલામાં સ્થાનિક ભાષામાં પણ એન્જીનીયરીંગ અને તબીબી સહિતના ભ્યાસક્રમો માટે અપીલ કરી હતી. પરંતુ મોટાભાગના રાજયોએ અંગ્રેજીમાં જ આ પ્રકારના અભ્યાસક્રમોને યોગ્ય ગણ્યા છે

# સેબીએ એસએમઈ, આઈપીઓના નિયમો કડક બનાવ્યા

## પ્રમોટરો ઓફર ફોર સેલ અંતર્ગત કુલ આઈપીઓનાં ૨૦ ટકાથી વધુ હિસ્સાનું વેચાણ નહિં કરી શકે


**મુખ્ય સમાચાર,મુંબઈ**

શેરબજારની વર્તમાન મંદીમાં ઉંચા પ્રિમીયમથી આઈપીઓ લાવનારી કંપનીઓની હાલત સામે આવવા લાગી છે ત્યારે સેબીએ હવે એસએમઈ, આઈપીઆનાં નિયમો કડક બનાવ્યા છે. નવા નિયમો હેઠળ હવે પ્રમોટરો ઓફર ફોર સેલ (ઓએફએસ) અંતર્ગત કુલ આઈપીઓનાં ૨૦ ટકાથી વધુ હિસ્સાનું વેચાણ નહિં કરી શકે ઉપરાંત પ્રવર્તમાન હિસ્સેદારીના ૫૦ ટકાથી વધુનું વેંચાણ નહિં કરી શકે.

આઈપીઓમાં ઈન્વેસ્ટરોના હિતો જાળવવા માટે માર્કેટ નિયમનકાર સેબી વખતો વખત નવા નિયમનો દાખલ કરે જ છે. ગત મહિનાઓમાં પ્રાયમરી માર્કેટમાં નવા આઈપીઓનો ઢગલો થયો હતો અનેકમાં ઈન્વેસ્ટરોને નુકશાની વેઠવાની હાલત છે.

સેબીએ હવે રોકાણકારોના હિતોના રક્ષણ કરવા માટે એસએમઈ આઈપીઓમાં નફા માપદંડને લાગુ કર્યા છે નવી નિયમ હેઠળ આઈપીઓ લાવતી કંપનીઓનો છેલ્લા ત્રણમાંથી બે વર્ષમાં ઓછામાં ઓછો એક કરોડનો નફો જરૂરી બનશે.

આ સિવાય કંપની પ્રમોટરે ૨૦ ટકાથી વધુ હોલ્ડીંગ ઓફર સેલ મારફત નહી વેચી શકે. પ્રમોટરોની હિસ્સેદારીનાં શેરોમાં પણ એકથી બે વર્ષનાં લોકઈન પીરિયડ લાગુ થશે.




આ ઉપરાંત એસએમઈ આઈપીઓમાં સામાન્ય કોર્પોરેટ ઉદેશની ફાળવણીની રકમ પણ નિશ્ચિત કરવામાં આવી છે.આઈપીઓની સાઈઝના ૧૫ ટકા અથવા ૧૦ કરોડ આ બેમાંથી જે રકમ ઓછી હોય તેટલી ફાળવી શકશે. પ્રમોટરો, પ્રમોટર ગ્રુપ અથવા સીધા કે આડકતરી રીતે લેવાયેલી લોનની ચુકવણીમાં આઈપીઓનાં નાણાંનો ઉપયોગ નહિં થઈ શકે.

પ્રાયમરી માર્કેટનાં નિષ્ણાંતોએ કહ્યું કે એસએમઈ આઈપીઓ માટે સેબીએ ન્યુનતમ અરજીનું કદ બે લોટ કર્યુ છે. બીન જરૂરી અટકળો પર પૂર્ણ વિરામ મુકાયું છે. ઈન્વેસ્ટરોનાં હિતોનું રક્ષણ થઈ શકશે.

# જામનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં વિકાસ કામો માટે ૫૫૨ કરોડના ખર્ચને મંજૂરી

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર મહાનગર પાલિકાના સ્ટેન્ડિંગ કમિટીમાં જુદા-જુદા કામ માટે ૫૫૨ કરોડના ખર્ચને મંજૂરી.સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં જુદા-જુદા કામ માટે કુલ રૂ.૫૫૨.૫૪ લાખના ખર્ચને મંજૂરી આપવામાં આવી હતી. બેઠકમાં વોર્ડ નં.૬ બળદેવનગર, સેનાનગર, વાયુનગર, મુરલીધર તથા તીરૂપતિ ૧ સોસાયટીઓની આંતરિક શેરીઓમાં સી.સી.રોડ માટે રૂ.૩૬૬.૬૦ લાખ મંજૂર કરાયા હતાં. શહેરમાં ૧૦ એમએલડી સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ઓપન ટેકનોલોજી સાથે તથા સીવેજ પમ્પીંગ સ્ટેશન બનાવવાનું કામ ૫ વર્ષના ઓપરેશન અને મેઈન્ટેનન્સ સમયગાળા સાથેના કામ અંગે કમિશનરની રજુ થયેલી દરખાસ્ત અન્વયે રૂ.૨૨.૭૬ કરોડનો ખર્ચ મંજૂર કરાયો છે.આ કામ કબીર લહેર તળાવ ની પાછળ, આર્શીવાદ રીસોર્ટ થી નાઘેડી ગામ તરફ જવાના રસ્તા પર, ખંભાળીયા રોડ થશે. મનપાના ભાગ નં.૧ થી ૮ માંથી ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન કામગીરી, ઓપન પોઈન્ટ ગાર્બેજ કલેક્શન, બીન્સ કલેક્શન કરી પોતાના બંધ બોડીના વાહનો દ્વારા નિકાલ કરવા ના કામ માટે રૂ. ૯ કરોડનું ખર્ચ માન્ય રખાયું હતું.

ગુજરાત સરકાર દ્વારા જીયુડીસી વિભાગ તરફથી તમામ મહાનગરપાલિકા વતી ૨૫૦ મેગાવોટ સોલાર પાવર પ્લાન્ટ ઈન્સ્ટોલ કરવાના પ્રોજેક્ટ અન્વયે રૂ.૨૦૩૦ લાખનો સૈધ્ધાતિક સ્વીકાર કરાયો હતો.સરદાર વલ્લભભાઈ પટેલ એમ્યુઝમેન્ટ પાર્કની સિક્યોરીટી, કલીનીંગ, ગાર્ડનીંગ તથા કોમ્પ્યુટર ઓપરેટર સ્ટાફના ત્રણ વર્ષના કામ અંગે રૂ.૧૬૪.૨૩ લાખ, આજ રીતે જામ રણજીતસિંહ પાર્કના ૩ વર્ષના કામ અંગે રૂ.૧૬૭.૦૩ લાખ, લાખોટા કોઠા મ્યુઝીયમના ત્રણ વર્ષના કામ અંગે રૂ.૧૧૦.૯૨ લાખ, ગાર્ડનીંગ સ્ટાફ ઓફ રણમલ લેઈક તથા ખંભાળીયા ગેઈટના ત્રણ વર્ષના કામ અંગે રૂ.૫૬ લાખ મંજૂર કરાયા હતાં. કચ્છ સ્થિત પાંજરાપોળમાં બકકાવાર ૨૦૦૦ ઢોર ટ્રાન્સપોર્ટ કરવા માટે રૂ.૨.૧૪ કરોડનો ખર્ચ મંજુર કરવામાં આવ્યો હતો.

વોર્ડ નં.૧૨ની ખાનગી સોસાયટી, ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં લોક-ભાગીદારીથી સીસી રોડ અને બ્લોકના કામ માટે રૂ.૨૦ લાખ, વોર્ડ નં.૪ માં રૂ.૨૦ લાખ, વોર્ડ નં. ૬ માં બળદેવનગર, સેનાનગર, વાયુનગર, મુરલીધર તથા તીરૂપતિ ૧ સોસાયટીઓની આંતરિક શેરીમાં



સી.સી. રોડના કામ અન્વયે રૂ.૩૬૬.૬૦ લાખનો ખર્ચ મંજુર કરવામાં આવ્યો હતો.વોર્ડ નં. ૧૧૦ માં સમસ્ત સતવારા જ્ઞાતી શૈક્ષણીક ટ્રસ્ટ સંચાલિત કન્યા છાત્રાલયમાં પ્રાર્થના હોલના કામ અંગે સાંસદસભ્ય પૂનમબેન માડમની ૧૦૦ ટકા ગ્રાંટ અંતર્ગત રૂ.૧૦ લાખ મંજૂર કરાયા છે. જામ્યુકોની કાયમી વહીવટી અને ટેકનીકલ જગ્યા પર કરાર અધારિત લાંબા સમયથી ફરજ બજાવતા કર્મીઓ માટે ભરતીના ધોરણમાં ફેરફાર કરવા, કાયમી જગ્યા ઉપર સમાવેશના ધોરણો મંજુર કરવામાં આવ્યા હતા.

# જામનગર ક્રેટા કારમાંથી ૧૦.૨૦ લાખનો વિદેશી-દેશી દારૂ મળ્યો, એક આરોપી ઝડપાયો

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર એલસીબી પોલીસે બાતમીના આધારે મોટી કાર્યવાહી કરી છે. પોલીસે ઠેબા ચોકડી પાસે આવેલ ખોડીયાર રેડીયમ આર્ટ એસેસરીઝ સામેના રોડ પરથી દારૂની હેરાફેરી ઝડપી પાડી છે.પોલીસે રાજુ કરશનભાઈ કોડીયાતર રબારી (ઉ.વ.૧૯, રહે. ધીંગેશ્વર મહાદેવના મંદિર પાસે, રાણપરગામ)ને પકડ્યો છે. આરોપી પાસેથી સફેદ કલરની ક્રેટા કાર (નં. GJ-18-BF-0451)માંથી ઈંગ્લીશ દારૂની ૧૨૦ બોટલ (કિંમત રૂ.૮૫,૮૦૦), ૬૫૦ લીટર દેશી દારૂ (કિંમત રૂ.૧,૩૦,૦૦૦), એક મોબાઈલ ફોન (કિંમત રૂ.૫,૦૦૦) અને કાર (કિંમત રૂ.૮,૦૦,૦૦૦) મળી કુલ રૂ.૧૦,૨૦,૮૦૦નો મુદ્દામાલ જપ્ત



કર્યો છે. આરોપીની પૂછપરછમાં જાણવા મળ્યું કે ઈંગ્લીશ દારૂ કાનાભાઈ જશાભાઈ કોડીયાતર (રહે. ધરામણી નેશ, રાણપર) પાસેથી મેળવ્યો હતો. જ્યારે દેશી દારૂ સુદાભાઈ બાઘાભાઈ કોડીયાતર (રહે. વીજરાણી નેશ, રાણપર)એ મોકલ્યો હતો. આ દારૂનો જથ્થો જામનગરના સુરેશભાઈ ઉર્ફે સુરીયો વિજયભાઈ કોળી (રહે. સુભાષપાર્ક)એ મંગાવ્યો હતો. પોલીસ હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રસિંહ જાડેજાની ફરિયાદના આધારે પોલીસ હેડ કોન્સ્ટેબલ મયુદિનભાઈ સૈયદે કાયદેસરની કાર્યવાહી કરી છે. બાકીના ત્રણેય આરોપીઓને પકડવાની કાર્યવાહી ચાલુ છે.

# મૂળીના સાગધ્રા ગામે SMC ત્રાટકી: રૂા.૮૧ લાખનો દારૂ ઝડપાયો



## સાગધ્રા ગામે વાડીમાં ઘાસની આડમાં છુપાવેલી ૪૨,૩૦૦ બોટલ કબ્જે કરાયો

સુરેન્દ્રનગર જિલ્લામાંથી સ્ટેટ મોનિટરીંગ સેલે વધુ એક વખત વિદેશી દારૂનો મોટો જથ્થો પકડી પાડ્યો હતો. મૂળીના સાગધ્રા ગામની સીમમાંથી રૂ.૮૧ લાખનો દારૂ પકડ્યો હતો. જિલ્લામાં એસએમસી દ્વારા વારંવાર દારૂ પકડવામાં આવતા સ્થાનિક પોલીસની કબજે કુ સભવિસ્તારમાં ઘાસની આડમાં છુપાવેલી દારૂની ૪૨૩૦૦ બોટલ પકડી હતી. એસએમસીએ દારૂનો જથ્થો ઉપરાંત બે વાહન સહિત કુલ રૂ.૮૨.૧૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

# દ્વારકા પદયાત્રીઓના સેવાર્થે જામનગરમાં યોજાયેલા કેમ્પોની મુલાકાત લેતા કેબિનેટમંત્રી મુળુભાઈ બેરા

**મુખ્ય સમાચાર,જામનગર**

દેવભૂમિ દ્વારકા ફૂલડોલ ઉત્સવમાં સહભાગી થવા માટે હજારોની સંખ્યામાં પદયાત્રીઓ જઈ રહ્યા છે. ત્યારે તેમના સેવાર્થે સેવાભાવીઓ દ્વારા સેવાકેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યના કેબિનેટ મંત્રી અને જામનગર જિલ્લાના પ્રભારીમંત્રી મુળુભાઈ બેરાએ વિવિધ કેમ્પોની મુલાકાત લીધી હતી.



મંત્રીએ સ્વામી નારાયણ મંદિર પાસે અગ્રણી વિજયભાઈ નંદાણીયા દ્વારા આયોજિત રાધે ક્રિષ્ના પદયાત્રા સેવા કેમ્પની તથા ન્યારા કંપની દ્વારા આયોજિત પદયાત્રી સેવા કેમ્પની મુલાકાત લીધી હતી. ન્યારા કંપની દ્વારા અંબાજી પગપાળા યાત્રાની જેમ દ્વારકા પગપાળા યાત્રાના માર્ગો પણ પ્લાસ્ટિક મુક્ત બને તે હેતુથી અગ્રણીઓ, વિવિધ કંપનીઓ, નગરપાલિકાઓ, જિલ્લા વહીવટી તંત્ર અને લોકોના સહયોગથી પ્લાસ્ટિકનો કચરો એકત્ર કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. સેવા કેમ્પો બંધ થયે જે કચરો હશે તેનો પણ તાત્કાલિક ધોરણે તંત્ર દ્વારા નિકાલ કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા પણ વિવિધ જગ્યાએ પ્લાસ્ટિક નો ઉપયોગ ટાળવાના બેનરો લગાવવામાં આવ્યા છે. તેમજ ડિસ્પોઝેબલ વસ્તુઓનો ઉપયોગ ન કરવા જાગૃતતા લાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.મંત્રી મુળુભાઈ બેરાએ સેવા કેમ્પોની મુલાકાત લઈ આયોજકોની કામગીરી અને મહેનતની પ્રશંસા કરી હતી.

તેમજ દ્વારકા પગપાળા યાત્રાને ઝીરો વેસ્ટનો ઉદ્દેશ બનાવવા તેમજ સ્વચ્છતા જાળવવા મંત્રીએ અપીલ કરી હતી. ફૂલડોલ ઉત્સવમાં જઈ રહેલા શ્રદ્ધાળુઓ સાથે વાતચીત કરી મંત્રીએ યાત્રા શાંતિપૂર્વક પૂર્ણ થાય તેમજ સાવચેતી અને સલામતી સાથે ચાલવા પણ જણાવ્યું હતું.

# મોરબી મહાનગર પાલિકાની બેદરકારીઃ લખધીરવાસ ચોક ગેટ નજીક કચરાના ગંજ વચ્ચે ગાયોનો ત્રાસ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી મહાનગર પાલિકાના ઉદાસીન વહીવટને કારણે લખધીરવાસ ચોક ગેટ નજીક કચરાનો ગંજ ખડકાયો છે, અબોલ ગાયો કચરો ખાવા માટે ભેગી થાય છે. આ ગાયો ટ્રાફિકમાં અવરોધ ઉભો કરી રહી છે અને ખુલ્લી ભૂગર્ભ કુંડીઓમાં પડી જવાની ઘટનાઓ પણ બની રહી છે. હિન્દૂ સંગઠનોની રજૂઆતો છતાં પાલિકા કમિશ્નર કોઈ પગલાં ભરતા નથી.

મોરબી શહેરમાં સફાઈ અને સંભાળની ભારે અવગણના થઈ રહી છે, જેનું જીવતું જાગતું ઉદાહરણ લખધીરવાસ ચોક ગેટ પાસે જોવા મળે છે. અહીં મેઈન રોડ પર કચરાના ગંજ વચ્ચે ગાયો ભેગી થઈ રહી છે. કચરો ખાવા માટે ભટકતા આ અબોલ પશુઓને કારણે વાહન વ્યવહારમાં



અવરોધ ઉભો થઈ રહ્યો છે, જેને કારણે વાહનચાલકો અને રાહદારીઓ મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. આ વિસ્તારમાં ભૂગર્ભ કુંડીઓ ખુલ્લી અવસ્થામાં છે. અગાઉ પણ ગાય આ ખાડામાં પડી જતાં જેસીબી દ્વારા તેને બહાર કાઢવામાં આવી હતી. ત્યારે મોરબીના સર્વ હિન્દૂ સંગઠનોએ મનપા કમિશ્નરને લેખિત રજુઆત કરી હતી અને તાત્કાલિક સમસ્યાનું નિરાકરણ લાવવા માંગણી કરી હતી. તેમ છતાં, આજદિન સુધી મહાનગર પાલિકા દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

હવે સવાલ એ ઉઠે છે કે મહાનગર પાલિકા આ ગંભીર સમસ્યા બાબતે કોઈ નક્કર પગલાં લે છે કે નહીં? શું કોઈ મોટી દુર્ઘટના થાય પછી જ તંત્ર જાગશે? હાલ આ વિકટ સમસ્યાને લઈને જો તાત્કાલિક પગલાં લેવામાં નહીં આવે તો, સ્થાનિકો આ બાબતે ઉગ્ર આંદોલનનો રસ્તો અપનાવવા મજબૂર થશે.

# વાંકાનેર એસ.ટી. ડેપોના બે દરવાજા ચાલુ રાખવા માજી સાંસદ રમાબેન માવાણીની લેખિત રજૂઆત

## પેસેન્જરોની સલામતી માટે ઈન-આઉટ ગેટ ફરજિયાત હોવાની માંગ, સરકારને તાત્કાલિક નિર્ણય લેવા અપીલ

**મુખ્ય સમાચાર,મોરબી**

વાંકાનેર એસ.ટી. ડેપોમાં બે દરવાજા હોવા છતાં એક દરવાજો બંધ રાખવામાં આવી રહ્યો છે, જે પેસેન્જરો અને વાહન વ્યવહાર માટે જોખમી બન્યું છે. માજી સાંસદ રમાબેન આર. માવાણી દ્વારા મુખ્યમંત્રી, વાહન વ્યવહાર મંત્રી અને એસ.ટી. નિગમના વહીવટી સંચાલકને લેખિત રજૂઆત કરી તાત્કાલિક બંને દરવાજા ચાલુ કરવા માંગણી કરવામાં આવી છે. વાંકાનેર એસ.ટી. ડેપોનું નવીનીકરણ થઈને એક વર્ષ પૂર્વે લોકાર્પણ થયું હતું. અહીં આવતા પેસેન્જરો, બસ અને વાહનચાલકો માટે બે દરવાજા બનાવવામાં આવ્યા હતા, પરંતુ કોઈ અગમ્ય કારણસર એક દરવાજો કાયમ માટે બંધ રાખવામાં આવી રહ્યો છે. આને કારણે બસો, પેસેન્જરો અને ખાનગી વાહનો માટે આવન-જાવન માટે માત્ર એક જ દરવાજો હોય, જેનાથી ન ટાળી શકાય તેવી ભીડ અને અકસ્માતોની સંભાવના ઊભી થઈ છે. વાંકાનેર તાલુકા અને આસપાસના ૧૦૦ જેટલા ગામડાઓના લોકો આ ડેપોનો ઉપયોગ કરે છે. મોટાભાગે આર્થિક રીતે નબળા ખેડૂતો અને ખેત મજદૂરો એસ.ટી. બસ દ્વારા અવરજવર કરે છે. આ ડેપોની આવક અન્ય ડેપોની સરખામણીએ ઊંચી છે, તેથી અહીં આવન-જાવન ખૂબ જ વધી ગયું છે. માર્ગ સલામતી વિભાગના નિયમ મુજબ દરેક જાહેર સ્થળે પેસેન્જરો અને વાહન માટે અલગ-અલગ દરવાજા રાખવા ફરજીયાત છે. માત્ર એક દરવાજા દ્વારા બસો અને વાહનો પસાર થતાં હોય ત્યારે અગાઉ પણ અનેક નાના-મોટા



અકસ્માતોના બનાવો બન્યા હોવાનું પણ સામે આવ્યું છે. આ વર્તમાન પ્રશ્નને લઈને ગુજરાત એસ.ટી. મજદૂર મહાસંઘ (બી.એમ.સી.), અમદાવાદના કાર્યકારી અધ્યક્ષ જગદીશભાઈ એસ. પટેલ દ્વારા પણ ૨૩ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ વહીવટી સંચાલકને લેખિત રજૂઆત કરાઈ હતી. મહાસંઘના અન્ય પદાધિકારીઓ અને એસ.ટી. મુસાફરો દ્વારા પણ સરકાર સમક્ષ માંગ ઉઠાવવામાં આવી છે. તો વાંકાનેર ડેપોમાં આવન જાવન માટે ઈન-આઉટ બન્ને ગેઈટ તાત્કાલિક ચાલુ કરવા સંબંધકર્તાઓને આદેશ કરવા માંગણી કરાઈ છે.

# અસત્ય ઉપર સત્યની જીતને ઉજાગર કરતો પ્રસંગ એટલે હોલિકા દહન

## જામનગરનો ભોઈસમાજ બનાવે છે વિશ્વની સૌથી ઉંચી હોલિકાનું પૂતળું





**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર ખાતે વિશ્વનો સૌથી મોટો હોલિકા ઉત્સવ.શ્રી ભોઈજ્ઞાતિ સમસ્ત જામનગર દ્વારા પ્રતીવર્ષની જેમ આવર્ષ પણ વિશ્વ વિખ્યાત હોલિકા મોહત્સવ ૨૦૨૫ નું ભવ્ય અને દિવ્ય આયોજન થવા જઈ રહીયું છે,સનાતન હિન્દુ ધર્મગ્રંથમાં દર્શાવેલ વાર્તા આધારિત ભક્ત પ્રહલાદ અને હોલિકા ફઈબાની કથા આધારિત પ્રતિકૃતિ સ્વરૂપે શ્રી ભોઈજ્ઞાતિ સમસ્ત જામનગરના વડીલો દ્વારા આજ થી ૬૮ વર્ષે પહેલાં હોલિકાનું વિશાળ પૂતળું બનાવી સમાજ અને દુનિયાને હિન્દુ ધર્મની શકિતનો પરિચય કરાવ્યો હતો.એક તરફ ભગવન વિષ્ણુનો પરમ ભક્ત પ્રહલાદ જ્યારે બીજી તરફ રાક્ષસી માનસિકતા ધરાવતા ભક્ત પ્રહલાદ ના પિતા હિરણ્ય કશ્યપ અને પ્રહલાદના ફઈબા એટલે કે હોલિકા ફઈબા ભક્ત પ્રહલાદ ને ભગવાન વિષ્ણુની ભક્તિ છોડાવવા અનેક પ્રકારના તર્ક વિતર્ક કરવામાં આવ્યા છે. જેમાંનો છેલ્લો તર્ક એટલે કે હોલિકા ફઈબા નું દહન અને પ્રહલાદનો આબાદ બચાવ સાથે જ અસત્ય ઉપર સત્યની જીતનો એક યાદગાર પ્રસંગ.ભોઈસમાજના લોકો હોલિકા ઉત્સવને ઉજવાવ એક મહિના પહેલા થી ત્યારીઓ માં લાગી જાય છે,અને પ્રકૃતિને અનુરૂપ સામગ્રી.જેમાં.ઘાસ,લાકડું,કોથરા,કાગળ,કલર,આભૂષણ માટે અલગ અલગ પ્રકારના ઓર્નામેટ, કપડાં વગેરે ચીજ વસ્તુનો ઉપયોગ કરી એક વિશાળ હોલિકાનું પૂતળું બનાવે છે જેનું વજન અંદાજીત ૩/૪ ટન જેટલું હોય છે જ્યારે ઉંચાઈ લગભગ ૨૫ ફુટ જેટલી હોય છે આ વિશાળ પુતળાને લઈ વાજતે ગાજતે ભોઈજ્ઞાતિ સમસ્ત જામનગરની વાડી થી શુભાષ માર્કેટ નજીક આવેલ હોલિકાચોક ખાતે લોકો ને દર્શન માટે મુકવામાં આવે છે.હોલિકા સમગ્ર ભોઈ સમાજના વડીલો અને યુવાનો સાથે મળી આ હોલિકાનું પૂતળું ત્યાર કરે છે. સાંજના સમયે આમંત્રિત મહેમાનો ના વરદહસ્તે.હોલિકા નું દહન કરવામાં આવે છે. હોલિકા નું દહન થાય છે હજારોની સંખ્યામાં લોકો હોલિકા માતા ને નિહાળવા પોહચે છે.અને અસત્ય ઉપર સત્યની જીત ને લોકો સાક્ષી બને છે આમ સમગ્ર વિશ્વને સનાતન ધર્મનો સાક્ષાતકાર કરાવતો હોલિકા મહોત્સવ ભોઈજ્ઞાતિ સમસ્ત જામનગર દ્વારા ઉજવવામાં આવે છે.

# વાંકાનેરમાં દુષ્કર્મના ગુનામાં ૬ વર્ષથી નાસતા ફરતા આરોપીને ઝડપી લેવાયો

- માટેલ-ઢુંવા રોડ ઉપર આવેલ સીરામીકના કારખાનામાંથી પકડી લઈ કાર્યવાહી હાથ ધરાઈ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી એલસીબી તથા પેરોલ સ્ક્વોડ ટીમે પૂર્વ બાતમીને આધારે વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનના દુષ્કર્મના ગુન્હામાં છેલ્લા ૬ વર્ષથી નાસતા ફરતા આરોપીને માટેલ-ઢુંવા રોડ ઉપર આવેલ સીરામીકના કારખાનામાંથી પકડી લઈ હસ્તગત કરી આગળની કાર્યવાહી સબબ વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં સોંપવા તજવીજ હાથ ધરી છે.



મોરબી જીલ્લા પોલીસના ઉચ્ચ અધિકારીઓ દ્વારા જીલ્લામાં નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા ખાસ ઝુંબેશનુ આયોજન કરેલ હોય જે અનુસંધાને મોરબી એલસીબી તથા પેરોલ ફર્લો સ્ક્વોડ પોલીસ ટીમ કાર્યરત હોય તે દરમ્યાન પેરોલ ફર્લો સ્કવોડના જયેશભાઈ વાઘેલા તથા બ્રિજેશભાઈ કાસુન્દ્રાને સંયુક્તમા ખાનગીરાહે હકિકત મળેલ કે, વાકાનેર તાલુકા પોલીસ મથકમાં વર્ષ ૨૦૧૯માં પોકસો અને દુષ્કર્મ હેઠળની કલમો અન્વયે નોંધાયેલ ગુનાનો આરોપી અજય ગીધારભાઈ બારીક ઓરિસ્સા વાળો, હાલે ઢુવા-માટેલ રોડ પર આવેલ ટોરીસ બાથવેર સીરામીકના કારખાનામાં આવેલ હોવાની ચોકકસ હકીકત મળતા તુરંત તે કારખાનામાં જઈને તપાસ કરતા ઉપરોક્ત ૬ વર્ષથી નાસતો ફરતો આરોપી અજય ગયાધરભાઈ બારીક ઉવ.૨૮ રહે. ચંદામાની તા.બાલીયાપાલ જી. બાલેશ્વર (ઓરીસ્સા) વાળો ટોરીસ બાથવેર સીરામીકના કારખાનામાંથી મળી આવતા તેની અટક કરી હસ્તગત કરવામાં આવ્યો છે, આ સાથે પકડાયેલ આરોપી સામે આગળની ઘટીત કાર્યવાહી અર્થે વાકાનેર તાલુકા પોલીસ સ્ટેશનને સોપી આપેલ છે.

# મોરબી જીલ્લામાં હાઈવે પર ભારે વાહનો સામે પોલીસની કડક ચેકિંગ ડ્રાઈવ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી જીલ્લામાં ટ્રાફિક નિયમોની સુયોગ્ય અમલવારી અને અકસ્માત રોકવાના હેતુસર નસ્રભારે વાહન ચેકિંગ ડ્રાઈવસ્રસ્ર હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન ૩૯૫ વાહનો ચેક કરવામાં આવ્યા હતા, જેમાં ટ્રાફિક નિયમો ભંગ કરનારા વાહન ચાલકો સામે વિવિધ ૪૯ ગુનાઓ નોંધાયા અને કુલ રૂ.૩૮,૬૦૦/- નો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો.



રાજકોટ રેન્જના પોલીસ મહાનિરીક્ષક અશોકકુમાર અને મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રીપાઠીના માર્ગદર્શન હેઠળ મોરબી જીલ્લામાં હાઈવે ઉપર નસ્રભારે વાહન ચેકિંગ ડ્રાઈવસ્રસ્ર યોજવામાં આવી હતી. આ ચેકિંગ ડ્રાઈવ દરમિયાન કુલ ૩૯૫ વાહનો ચેક કરવામાં આવ્યા હતા, જેમાં નંબર પ્લેટ વગરના વાહન ચાલકો સામે ૧૩ કેસ, માલ-સામાન ભરેલા પરંતુ તાલપત્રી વગરના વાહનો માટે ૦૯ કેસ, લાયસન્સ વિના વાહન ચલાવનારા સામે ૧૬ કેસ, રોંગ સાઈડ અને વધુ ઝડપે ચાલતા વાહનો સામે ૦૩ ગુના, અડચણરૂપ પાર્ક કરેલા વાહનો સામે ૦૮ ગુના તેમજ ૦૭ વાહનો ડીટેઈન કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી, આ સાથે સમાધાન શુલ્ક હેઠળ કુલ રૂ.૩૮,૬૦૦/-નો દંડ વસુલાયો હતો.

# મોરબી પોકસો કોર્ટનો ચુકાદો, ૧૫ વર્ષીય સગીરા સાથે દુષ્કર્મ આચરનાર નરાધમને આજીવન કેદની સજા

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી શહેરમાં વર્ષ ૨૦૨૨ માં સગીરા સાથે દુષ્કર્મના બનાવમાં મોરબી પોકસો કોર્ટ દ્વારા મહત્વપૂર્ણ ચુકાદો આપવામાં આવ્યો છે, જેમાં સગીરાની એકલતાનો લાભ લઈને નરાધમે દુષ્કર્મ આચર્યુ હતું, જે કેસમાં મૌખિક અને દસ્તાવેજી પુરાવાને ધ્યાને લઈને મોરબીની વિશેષ પોકસો કોર્ટ દ્વારા નરાધમ આરોપીને કુદરતી આયુષ્ય સુધી એટલે કે જિંદગીના અંતિમ શ્વાસ સુધીની સખત કેદની સજા અને દંડ ફાટકારતો ચુકાદો આપવામાં આવ્યો છે, આ સાથે ભોગ બનનારને સરકાર તરફી વળતર ચૂકવવા પણ આદેશ કરાયો છે.



કેસની ટુક વિગત અનુસાર મોરબીમાં વર્ષ ૨૦૨૨માં બનેલ બનાવમાં માત્ર ૧૫ વર્ષીય સગીર ઉમર ધરાવતી દીકરી ઘરમાં એકલી હોય ત્યારે ઘરની સામે રહેતા નરાધમે ઘરમાં પ્રવેશ કરી સગીરા તેમજ તેના ભાઈ અને પિતાને મારી નાખવાની ધમકી આપી બળજબરીપૂર્વક દુષ્કર્મ આચર્યું હતું, ત્યારે બનાવ અંગે હતપ્રત થઈ ગયેલ સગીરાએ પ્રથમ પાડોશી મહિલાઓને સમગ્ર બનાવ અંગે જાણ કર્યા બાદ પિતા અને ભાઈને વાત કરતા, આરોપી વિરુદ્ધ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીની અટક કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ઉપરોક્ત કેસની મોરબી વિશેષ પોકસો કોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ હતી ત્યારે સરકારી વકીલ નીરજ કારિયા દ્વારા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા તથા લેખિત અને મૌખિત કાયદાકીય દલીલોને ગ્રાહ્ય રાખી ચુકાદો આપતા આદેશ ફરમાવ્યો કે નરાધમ આરોપીને આજીવન સખત કેદ અને રૂ.૩૫,૧૦૦/- દંડની સજા કરવામાં આવી છે, આ ઉપરાંત ભોગ બનનારને ગુજરાત સરકારના વળતર આપવાની જોગવાઈ અનુસાર રૂ.૪ લાખ તેમજ આરોપીને કરવામાં આવેલ દંડ એમ કુલ ૪,૩૫,૧૦૦/- રૂપિયા ચૂકવવા આદેશ કરવામાં આવ્યો છે.

# શહેરની બજારમાં ખજૂર, ધાણી, દાળિયા, હારડા, પતાસાની ધૂમ આવક









(તસ્વીરઃ આનંદ જાવિયા)

હોળીના તહેવારને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે હોલસેલ માર્કેટમાં ધાણી, દાળિયા, ખજૂર, હારડા, પતાશા સહિતની ચીજોનું આગમન થયું છે. હોલસેલ અને રીટેઈલ બજારમાં તેજી જોવા મળે છે. વેપારીઓ ના જણાવ્યું પ્રમાણે જિલ્લામાં અંદાજિત સવા લાખ કિલો ખજૂર અને ૪ લાખ કિલો પતાશા હારડા, ૧ લાખ કિલો જીણી ધાણીનું વેચાણ થશે. હોળીના તહેવાર નિમિતે બહેનો આખો દિવસ ઉપવાસ કરતા હોય છે અને સાંજે હોલિકા દહન થાય ત્યારે પ્રદક્ષિણા કરી અને ભોજન લેતા હોય છે. હોલિકા દહન બાદ ખજૂર, ધાણી, દાળિયા, પતાશા, હારડા ખાવાની પ્રથાઓ આજે પણ ચાલી આવી છે. હોળીના ધાર્મિક મહત્વમાં ખાસ કરીને હોલિકા દહનમાં લોકો ધાણી અને શ્રીફળ, ખજૂર, પતાશા, હારડા મૂકી પૂજા પણ કરતા હોય છે. પરંતુ આ મહત્વ ધાર્મિક સાથે આરોગ્યને અસરકારક હોવાથી ખજૂર, ધાણી, દાળિયા, જેવી વસ્તુઓ આરોગવામાં પણ આવતી હોય છે. હોળીના તહેવારને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે રાજકોટની બજારમાં હોળી લગત ચીજોની પુષ્કળ આવક થઈ છે. ખાસ કરીને હોલસેલ તેમજ રિટેઈલ બજારમાં તેજી જોવા મળે છે. ઉલ્લેખનીય છેકે, આ તહેવાર લોકો ઉત્સાહ પૂર્વક ઉજવે છે ત્યારે હોળી લગત ચીજોની ખરીદી કરી હોલિકા દહન બાદ પૂજામાં ઉપયોગ કરે છે અને આરોગે છે. હોળી પર્વ નિમિતે મુખ્ય ત્રણ જાતના ખજૂર વધુ વેંચાઈ છે. જિલ્લામાં હોળી દરમ્યાન અંદાજે સવા લાખ કિલો ખજૂરનું વેચાણ થશે. હોળી દરમ્યાન હાયડા અને પતાશા નું આજે પણ અનેરું મહત્વ છે. હોળી પર્વ નિમિતે બાળકોની વાળ પ્રસંગે સબંધી, પાડોશીઓને પતાશા, હારડા, ખજૂર આપવાની પરંપરા હોવાથી પુષ્કળ વેચાણ થતું હોય ત્યારે જિલ્લામાં અંદાજે ૪ લાખ કિલો હાયડા, પતાશાનું વેચાણ થશે તેમજ ૧ લાખ કિલો જીણી ધાણી, પોણા લાખ કિલો દાળિયાનું વેચાણ થશે.



(તસ્વીરઃ આનંદ જાવિયા)

## ધુળેટીના તહેવાર નજીક આવતા કેસુડાથી બજાર છલકાઈ

### કેસૂડો ઉનાળામાં લુ લાગી હોય ત્યારે પણ અસરકારક ઉપયોગી સાબિત થાય છે

હોળી ધુળેટી ના તહેવાર નજીક આવતા જ નિર્દોષ જણાતા કેસુડાનું બજારમાંગમન થયું છે કેસુડાના ફલનું અનેરુ મહત્વ છે કેસુડાના ફલનો રંગ ધુળેટીના તહેવારમાં રંગોનો ઉત્સાહ તો વધારે છે જ, સાથે સાથે ત્વચા માટે પણ ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. આજની પેઢીમાં કુદરતી વનસ્પતિઓ પ્રત્યે જાગૃતિ લાવવા માટે ગામડાના ખેડૂતો રાજકોટની બજારોમાં કેસુડાના ફલોનું વેચાણ કરતા જોવા મળે છે. આ ફલથી હોળી રમેવામાં શરીરને કોઈપણ પ્રકારનું નુકશાન થતુ નથી. આ સિવાય કેસૂડો ઉનાળામાં લુ લાગી હોય ત્યારે પણ અસરકારક ઉપયોગી સાબિત થાય છે. ઘણા દિવસથી તાવ આવતો હોય તો તે માટે પણ ખુબજ ઉપયોગી સાબિત થાય છે. ઘણા લોકો એવા છે જે માત્ર કેસૂડાના ફૂલોથી હોળી પર્વ રમે છે

## મુંબઈ અને દિલ્હીમાં ભવ્ય સફળતા બાદ રાજાધિરાજઃ લવ, લાઈફ, લીલા – હવે દુબઈને મંત્રમુગ્ધ કરશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મુંબઈ અને દિલ્હીમાં ૩૭ અવિસ્મરણીય હાઉસફૂલ પ્રયોગ બાદ ભગવાન શ્રી કૃષ્ણના જીવન પર આધારિત વિશ્વની પ્રથમ સંગીત મહાનાટિકા, રાજાધિરાજઃ લવ, લાઈફ, લીલા હવે દુબઈમાં ૧૩મીથી ૧૬મી માર્ચ સુધી આઈકોનિક દુબઈ ઓપેરા ખાતે દર્શકોને મંત્રમુગ્ધ કરશે.



શ્રી ધનરાજ નથવાણી દ્વારા સંકલ્પના કરાયેલી અને મૂર્તિમંત સ્વરૂપ અપાયેલી રાજાધિરાજ ભારતની સૌપ્રથમ બ્રોડવે-શૈલીની સંગીત મહાનાટિકા છે, જેણે ભારતીય રંગમંચના સ્વરૂપમાં આમૂલ પરિવર્તન લાવી તેને ભવ્યાતિભવ્ય બનાવ્યું છે. આ ગેમ-ચેન્જિંગ પ્રોડક્શન થકી ભગવાન શ્રી કૃષ્ણની દિવ્યતા અને સોહામણાપણાનું અતુલ્ય શૈલીમાં કલાકારો દ્વારા મંચ પરથી સ્વમુખે ગવાયેલા ગીતો દ્વારા રોમાંચક નાટ્ય નિરૂપણ કરાયું છે.સ્ર્સ્ર

આ સંગીત મહાનાટિકાના મુંબઈમાં નીતા મુકેશ અંબાણી કલ્ચરલ સેન્ટરના (એન.એમ.એ.સી.સી.) ગ્રાન્ડ થિએટર તેમજ દિલ્હીના જવાહરલાલ નેહરૂ ઈન્ડોર ઓડિટોરિયમ ખાતેના પ્રયોગોમાં હકડેઠઠ દર્શકો ઉમટી પડ્યા હતા અને ઉપસ્થિત રહેલા સેલિબ્રિટીથી માંડીને સામાન્ય પ્રેક્ષકો તરફથી તેના મોંફાટ વખાણ કરાયા હતા. આના થકી જ તેને એક સાંસ્કૃતિક મહાપ્રસ્તુતિનું બિરૂદ મળ્યું, જેણે આબાલવૃદ્ધ સહુકોઈને મંત્રમુગ્ધ કરીને ભારતના થિએટર ઈતિહાસમાં તેની અમીટ છાપ છોડી હતી. ભારતીય રંગભૂમિના પરિપ્રેક્ષ્યમાં, આજદિન સુધી શ્રી કૃષ્ણના જીવનને આટલા વિશાળ ફલક પર અને ગહન ભાવના દર્શાવી શકે તેવું કોઈ સર્જન થયું જ નથી. લવ લાઈફ લીલાથનું સર્જન કરવું એ ભક્તિ અને અંતરતમ લાગણીની સફર રહી છે. મારું તો દઢપણે માનવું છે કે, તમામ પેઢીના દર્શકોને એકતાંતણે જોડવા હોય તો સંગીત જ શ્રેષ્ઠ ઉપાય છે અને આ સંગીત મહાનાટિકા દ્વારા અમારો ઉદ્દેશ સાહસ, વિચક્ષણતા અને પ્રેમના વૈશ્વિક મૂલ્યોનો પ્રચાર-પ્રસાર કરવાનો રહ્યો છે. રાજાધિરાજ એક એવી કથા છે જે ભગવાન શ્રી કૃષ્ણના ત્રણ સ્વરૂપોને દર્શાવે છે, જેમાં સૌથી પહેલું છે રમતિયાળ બાળસ્વરૂપ, બીજું છે રાજાધિરાજ દ્વારકાધીશ અને ત્રીજું છે દયાસાગર શ્રીનાથજીનું સ્વરૂપ. અગાઉ કદી જોવા મળ્યું ન હોય તેવા સ્વરૂપમાં આ અનંતકાલીન કથાઓની પ્રસ્તુતિ કરતા હું રોમાંચ અનુભવું છું, કારણ કે તેનાથી પ્રેક્ષકોને એક અવિસ્મરણીય યાત્રાની અનુભૂતિ થાય છે.

# આજથી ત્રિદિવસીય એસ.વી.યુ.એમ. આંતરરાષ્ટ્રીય વેપાર મેળાનો પ્રારંભ

## સતત ૧૧મી વખત ૨૦ કરતા વધુ દેશોમાંતી ૧૦૦ જેટલા ડેલિમેટ્સનું આગમનઃ૨૫ હજારથી વધુ સ્થાનીક મુલાકાતીઓ ભાગ લેશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સૌરાષ્ટ્ર-કચ્છને SMEs ના વૈશ્વિક કેન્દ્ર તરીકે સ્થાપિત કરવાના ઉદ્દેશ્ય સાથે, સૌરાષ્ટ્ર વેપર ઉદ્યોગ મહામંડળ દ્વારા મિશન સૌરાષ્ટ્ર-કચ્છ વિકાસ ના ભાગ રૂપે જટઅખ ૨૦૨૫ આંતરરાષ્ટ્રીય વેપાર મેળા નું ૧૧મું પ્રદર્શન યોજવામાં આવી રહ્યું છે.

તારીખઃ ૧૧મી માર્ચ, ૨૦૨૫ - સવારે ૧૦:૦૦ વાગ્યે NSIC ગ્રાઉન્ડ, આજી વસાહત, અમૂલ સર્કલ, ૮૦ ફૂટ રોડ, રાજકોટ ખાતે વેપાર મેળો ખુલો મુકાશે.

ઉદઘાટન પૂ.સ્વામી પરમાત્માનંદ સરસ્વતીજી(આર્શા વિદ્યા મંદિરના સ્થાપક), મુખ્ય મહેમાન વિજય ભાઈ રૂપાણી (ભૂતપૂર્વ મુખ્યમંત્રી), ગેસ્ટ ઓફ ઓનર દિલીપભાઈ સંઘાણી (અધ્યક્ષ - ઈફકો અને ગુજકોમાસોલ),રોહિત સોની - ITS (ડેપ્યુટી DGFT, રાજકોટ) જય શાહ (યુવા અગ્રણી), ડો. દર્શિતાબેન શાહ (ધારાસભ્ય, રાજકોટ), ડો. રોડ્રિગ જ્યુડીકેલ (ELE સેકન્ડ સેક્રેટરી, રિપબ્લિક ઓફ કોંગો),ડો.હેમાંગ વસાવડા (ન્યુરો સર્જન, રાજકોટ) પ્રશીલ રત્ન ગૌતમ (પ્રમુખ, સંઘ કાયા ફાઉન્ડેશન) વગેરે ઉપસ્થિત રહેશે.

આગામી તારીખ ૧૧ થી ૧૩ માર્ચ ના રોજ સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળ દ્વારા ત્રિદિવસીય વેપાર મેળા નો શુભઆરંભ થશે જેમાં ૨૫ હજાર થી વધુ સ્થાનિક મુલાકાતીઓ ભાગ લેશે. સવારે ૧૦ થી સાંજે ૬ સુધીનો રહેશે. પ્રવેશ વિના મુલ્યે રાખવામાં આવેલ છે.આ મેળા માં





(તસ્વીરઃ આનંદ જાવિયા)

૯૦ થી વધુ કંપનીઓ ભાગ લઈ રહેલ છે. સ્ટાર્ટઅપ્સ અને મહિલા ઉદ્યમી ને પણ સ્ટોલ્સ ફાળવવામાં આવેલ છે.

સવારે ૧૦ થી સાંજે ૬ સુધીનો રહેશે. પ્રવેશ વિના મુલ્યે રાખવામાં આવેલ છે.આ મેળા માં ૯૦ થી વધુ કંપનીઓ ભાગ લઈ રહેલ છે. સ્ટાર્ટઅપ્સ અને મહિલા ઉદ્યમી ને પણ સ્ટોલ્સ ફાળવવામાં આવેલ છે.

દર વર્ષની માફક આ વર્ષે પણ લગભગ ૧૦૦ જેટલા વિદેશી બિઝનેસમેન અને વુમન ભાગ લેશે જેમાં મુખ્યત્વે એ ગ્રીકચર ઈક્વિપમેન્ટ્સ ઈમ્પ્લિમેન્ટ્સ, સબમર્સીબલ પમ્પ્સ, અને ફૂડ પ્રોસેસિંગ મશીનરીઝ, ઓટો અને એન્જિન પા ર્ટ્સ, બિલ્ડીંગ મટીરીઅલ અને મશીનરી, કેમિકેલ,કન્ફેશનરી, કોસ્મેટિક, કોસ્મેટિક અને બ્યુટીકેર, એન્જિનિયરિંગ એસેસરીઝ, ફૂટવેર, ફર્નિચર, હર્બલ પ્રોડક્ટ્સ, હોસ્પિટલ ઈક્વિપમેન્ટ્સ, હાઉસહોલ્ડ આઈટમ્સ, ઈરીગેશન અને વો ટર સિસ્ટમ, જ્વેલરી અને લાઈફ સ્ટાઈલ, કીટચનવેર, કિચન ઈક્વિપમેન્ટ્સ અને વાસણો, મેડિકલ ટુરિઝમ, માઈ નિંગ અને ડ્રિલિંગ, પેકેજીંગ, પેઈન્ટ્સ એન્ડ હાર્ડવેર, પર્ફ્યુમ્સ, ફાર્મા અને હેલ્થકેર, પ્લમ્બિંગ, રિન્યુએબલ એનર્જીસ્પ્રાઈસીસ, સ્ટેશનરી, સર્જીકલ ઈક્વિપમેન્ટ્સ એન્ડ પ્રોડક્ટ્સ, ટેકસટાઈલ્સ અને ગાર્મેન્ટ્સ, સોલાર અને પાવર, ફિશિંગ, હેન્ડિક્રાફ્ટ્સ, ફેશન બુટીક્સ વગેરે પ્રોડક્ટ્સ ની ખરીદી માટે આવી રહ્યા છે.૧ આ ડેલિગેટ્સ તારીખ ૧૪, ૧૫ અને ૧૬ દરમ્યાન વિવિધ ફેક્ટરીઓની મુલાકાતે જશે

ત્રિદિવસીય વેપાર મેલા દરમ્યાન વિવિધ સેમિનાર થશે જેમાં, તારીખ ૧૧, ૩ વાગે સ્ટાર્ટઅપ સેમિનાર, તારીખ ૧૨ સવારે ૧૦ થી ૧ ટુરિઝમ ડિપાર્ટમેન્ટ દ્વારા ટુરિઝમ ચિંતન શિબિર, તારીખ ૧ ૩ સવારે ૧૦ વાગે ખેડૂત સંમેલન જેમાં આફ્રિકામાં ખેતી, ઓર્ગેનિક અને પ્રાકૃતિક ખેતી અને ગૌ આધારિત ખેતી ઉપ ર માર્ગદર્શન અપાશે.

## ઈવનિંગપોસ્ટના સીનીયર સીટીઝન માટે સંગીત સંધ્યાનો કાર્યક્રમ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સરગમ ક્લબ સંચાલિત સીનીયર સીટીઝન પાર્ક ઈવનિંગ પોસ્ટ માં તા.૧૨/૦૩/૨૫ બુધવાર નાં રોજ ૫:૩૦ કલાકે રિધંમ મ્યુઝીકલ ગ્રુપ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. અને તા.૧૪/૦૩/૨૫ શુક્રવાર નાં રોજ ૫:૩૦ કલાકે સુર મંદિર મ્યુઝિકલ ગ્રુપ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા.૧૫/૦૩/૨૫ શનિવાર નાં રોજ ૫:૩૦ શક્તિ એજીકેશન ચેરેટી ટેબલ ટ્રસ્ટ દ્વારા એક સંગીત સંધ્યાનુ આયોજન કરવામાં આવેલ છે તેમજ તા. ૧૬/૦૩/૨૫ ને રવિવાર નાં રોજ નસ્રદિલ સુંદર મ્યુઝીકલ ગ્રુપ દ્વારા ૫:૩૦ કલાકે એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે જુના હિન્દી ફિલ્મી ગીતો તેમજ મધુર યાદગાર ગીતો કારાઓકે ઉપર રજુ કરવામાં આવશે. તો તમામ સરગમ કલબના ઈવનિંગ પોસ્ટના સભ્યોએ આઈકાર્ડ ઉપર પ્રવેશ મળશે. આઈકાર્ડ સાથે લઈને આવવું ફરજીયાત છે. તેના વગર પ્રવેશ નહિ મળે. તમામ મેમ્બરે સમયસર હાજરી આપવી. કાર્યક્રમને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ઈવનિંગ પોસ્ટનાં ઈન્ચાર્જ મનસુખભાઈ મકવાણા અને સહ ઈન્ચાર્જ જયપાલસિંહ ઝાલા, હરનેશભાઈ સોંલકી, જગદીશભાઈ અસરામી, ઘનશ્યામભાઈ રાવલ, જ્યપાલસિંહ ઝાલા, દિલીપભાઈ સોની વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

રાજકોટ કલેકટર તંત્ર દ્વારા નિર્મિત સિનીયર સિટીઝન પાર્ક ઈવનિંગ પોસ્ટમાં સભ્ય બનવા માટે એક વર્ષની ફી માત્ર ૨૦૦ રૂપિયા છે અને દર અઠવાડિયે ચાર કાર્યક્રમ યોજવામાં આવે છે.

સિનિયર સીટીઝન ઈવનીંગ પોસ્ટ ની ઓફિસ છઉઈ બેંક ની બાજુ માં, સિનિયર સીટીઝન પાર્ક, ઝૂબેલી ગાર્ડનની સામેનો રોડ, રાજકોટ .ઈવનીંગ પોસ્ટ મેમ્બરશીપ નું ફોમ ભરીને ત્યાં જ આપવાનું રહેશે જેની નોંધ લેવી.

## રાજકોટ જિલ્લા પંચાયતની કારોબારી સમિતીની બેઠકમાં રૂ.૧૦૯૧.૬૪ કરોડનું બજેટ રજૂ કરાયું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ જિલ્લા પંચાયતની ખાસ કારોબારી સમિતિની બેઠક તા.૧૧/૦૩/૨૦૨૫ને મંગળવારના રોજ કારોબારી ચેરમેન પી.જી.ક્યાડાના અધ્યક્ષ સ્થાને મળતા તેમાં આ પ્રમાણેના કામોને મંજુરી મળેલ છે.

રાજકોટ જિલ્લા પંચાયતના સને ૨૦૨૪-૨૫ના સુધારેલ અંદાજપત્રમાં કુલ રૂ.૯૫૮.૬૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. જિલ્લા પંચાયત સ્વભંડોળ અંતર્ગત કુલ રૂ.૨૧.૯૩ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. રાજકોટ જિલ્લા પંચાયતના સને ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં કુલ રૂ.૧૦૯૧.૬૪ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. જિલ્લા પંચાયત સ્વભંડોળ અંતર્ગત કુલ રૂ.૨૨ કરોડની જોગવાઈ મંજુર કરવા સામાન્ય સભાને ભલામણ કરવામાં આવી.

બાંધકામના કુલ ૭ કામોના ટેન્ડરના કુલ





(તસ્વીરઃ આનંદ જાવિયા)

રૂ.૧૪,૨૩,૨૫,૧૩૭(ચૌદ કરોડ ત્રેવીસ લાખ પચ્ચીસ હજાર એકસો સાડત્રીસ રૂપિયા પુરા) તથા જિલ્લા પંચાયત કચેરી - જૂની સિવિલ કોર્ટ બિલ્ડીંગ રીપેરીંગના ૨ કામોના કુલ બાવીસ લાખ રૂપિયા પૂરા મંજુર કરવામાં આવ્યા.

તેમજ આજની બેઠકમાં અધ્યક્ષ પી.જી.ક્યાડા, સચિવ અને જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી તથા કારોબારી સમિતિના સભ્યઓ, જિલ્લા પંચાયત રાજકોટના શાખાધિકારીઓ હાજર રહેલ હતા.

### રાજકોટ જિલ્લા પંચાયતનું બીજીવાર બજેટ રજૂ કરતા પી જી કયાડા

જિલ્લા પંચાયતની કારોબારી સમીતીના અધ્યક્ષ તરીકે હવાલો સંભાળ્યા પછી બીજી વખત જિલ્લા પંચાયતનું સને ૨૦૨૪-૨૫નું સુધારેલ અને ૨૦૨૫-૨૬નું બજેટ કારોબારી સમિતિ સમક્ષ મુકતા કારોબારી ચેરમેન પી જે કયાડા એ જણાવ્યું હતું કે હું હર્ષ અને આનંદની લાગણી અનુભવું છું. સને ૨૦૨૫-૨૬નું બજેટ પુરાંતવાળુ છે. ગ્રામ્ય પ્રજાની આરોગ્ય સુખાકારી હિત ધ્યાને લઈ તૈયાર કરેલ બજેટમાં નીચેની મુખ્યત્વે જોગવાઈ કરેલ છે.ગ્રામ્ય પ્રજા ઉપર કોઈપણ જાતના નવા કરવેરા નાખવામાં આવેલ નથી

રાજકોટ જિલ્લા પંચાયત માં સરકાર તરફથી આવતી રકમો તેમજ સ્વભંડોળ સદરે રાખવામાં આવેલ જોગવાઈની રકમો જિલ્લાનાં પ્રજાજનોનાં કલ્યાણ/ઉત્કર્ષ/પ્રગતિ માટે વપરાય તેવી અભ્યાર્થના સાથે સમિતિ સમક્ષ આ બજેટ રજુ કરૂ છું. રાજકોટ જિલ્લા પંચાયતનું સને ૨૦૨૪-૨૫ના સુધારેલ અંદાજપત્રમાં કુલ રૂ ૯૫૮.૬૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. જિલ્લા પંચાયત સ્વભંડોળ અંતર્ગત કુલ રૂ.૨૧.૯૩ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. રાજકોટ જિલ્લા પંચાયતનું સને ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં કુલ રૂ ૧૦૯૧.૬૪ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. જિલ્લા પંચાયત સ્વભંડોળ અંતર્ગત કુલ રૂ.૨૨ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

